# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન – જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૦૭ • તા.૨૭ એપ્રિલ થી ૩ મે ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






# Shree VLVG ઘાટકોપરમાં શિક્ષણ ઉત્થાન માટે EDU BOOSTER વિષયક ચર્ચા સત્ર યોજાયું



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)

## અમારી વાત...

સંપાદક સ્થાનેથી


# સહુના હૈયે આનંદ છે, ઉમંગ છે

પરમ કૃપાવંત કરૂણાવંત શાસનપતિ મહાવીર સ્વામીના જયવંતા શાસને આગમ આધારિત અને કલિકાલ સર્વજ્ઞ પ.પૂ.આ.ભ.શ્રી હેમચંદ્રાચાર્ય દ્વારા પ્રશંસિત, તેજસ્વી ઓજસ્વી પૂર્વાચોર્યોની ઉજ્જ્વળ પરંપરાથી પ્રકાશિત પરમાર્હત કુમારપાળ મહારાજા એ આપેલ અચલગચ્છ બિરૂદથી વિભૂષિત અચલગચ્છ વિધિપક્ષની ભવ્ય પાટ પરંપરા પૂર્વાચાર્યોના ઝળહળતા ભવ્ય ભાતીગળ ઈતિહાસથી વિભૂષિત છે.

મહાન ગણધર ભગવંત સુધર્મા સ્વામીની પટ્ટોત્સવની પરંપરામાં શોભતા પૂર્વાચાર્યોનો ભવ્ય અને દેદીપ્યમાન ઈતિહાસ છે. જેમાં વિદેહ ક્ષેત્ર વિહરમાન સ્વામી સિમંધર જિન પ્રશંસાયેલા, શિથિલા ચાર નિવારક પ.પૂ. યુગપ્રધાન આચાર્ય ભગવંત શ્રી આર્યરક્ષિતસૂરિશ્વરજી મ.સા. લક્ષ ક્ષત્રિય અનેક ગોત્ર પ્રતિબોધક ૩.૫ કરોડ શ્લોક કંઠસ્થ કરનારા પ.પૂ.આ.ભ.શ્રી જયસિંહ સૂરિશ્વરજી મ.સા., મહિમાવંત જીરાપલ્લી સ્ત્રોત એવં મુખ્ય સૂરિમંત્ર કલ્પના રચયિતા મંત્ર પ્રભાવક પ.પૂ.આ।ભ.શ્રી મેરૂતુંગસૂરિશ્વરજી મ.સા. અજોડ પ્રતિભાવંત યુગ પ્રધાન, ભદ્રેશ્વર, જામનગર, મોડપુર, સમેત શિખર આગરા તીર્થોધ્ધારક પ.પૂ.આ.ભ.શ્રી કલ્યાણસાગરસૂરિશ્વરજી મ.સા., મહાન ક્રિયોધ્ધારક મહાતપસ્વી, કચ્છ હાલાર દેશોધ્ધારક વર્તમાન જાગૃતિના પાયા દાદા ગુરૂદેવ મુનિ મંડળ અગ્રેસર પ.પૂ.શ્રી ગૌતમસાગર મહારાજા, જિનશાસન શણગાર શાસન સમ્રાટ, ચમત્કારી બાબા, રાષ્ટ્રસંત ભારત દિવાકર આદિ બિરૂદથી રાજતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મહારાજા અને જિનશાસન શિરોમણિ તપચક્રવર્તી ૫૪-૫૪ વર્ષીતપના અજોડ સાધક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. સુધીની આગવી ગૌરવંતી પાટ પરંપરામાં હવે ૭૮ મી પાટે બિરાજમાન થનારા અચલગચ્છનાયક, સૂરિમંત્ર પંચ પ્રસ્થાનારાધક, સંઘ કૌશલ્ય, ધાર પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આ ભવ્ય ઈતિહાસને વધુ ઉજ્જ્વળ ગૌરવવંત કરી અચલગચ્છ સંઘના રથને કુશળ સારથી બની સતત ગતિમાન રાખશે એવો હૈયે વિશ્વાસ છે.

અઢળક જ્ઞાન વૈભવ, ધર્મ, દર્શન, ચારિત્ર વૈભવ, તપ જપનો અખંડ વૈભવ, સાથોસાથ શાસન પ્રભાવના અને સમુદાય વૈભવથી તરબતર સાધનાનો સુમેળના પ્રતાપે છલોછલ વૈભવ માર્ગદર્શન અને જ્ઞાન ગુણભંડારથી ગચ્છ સંઘને યોગ્યદિશા દોર સાંપડશે. ધન્ય ધન્ય બને મંગલ પદ પટ્ટ. પૂજ્યશ્રીને શત શત વંદન.

-જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# સ્વાસ્થ્ય જરૂરી, સ્વાદ નહીં

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જ્ઞાની કહે છે કે 'અન્ન તેવું મન' કે 'અન્ન તેવો ઓડકાર' એટલે જે આપણે આરોગીએ છીએ એવા પ્રકારના વિચાર આપણા મનમાં ઉદ્‌ભવે છે. સાત્વિક આહાર આરોગવાથી સાત્વિક વિચાર અને તામસી પ્રકારનું ભોજન આરોગવાથી તામસી પ્રકારના, રાક્ષસી વૃત્તિ ભર્યા વિચાર મનમાં ઉદ્‌ભવે છે. આહારની સાથો સાથ આહાર પકવવા વખતે અને આરોગતી વખતે શાંત સાત્વિક વાતાવરણ હોય તેના પણ ગુણ આરોવાથી મળે છે. અન્ન એ બ્રહ્મ છે. દેવ તુલ્ય છે તેથી જ અન્ન ગ્રહણ કરતી વખતે મંત્ર બોલી, કર જોડી પ્રાર્થના અને વંદન કરી પછી જ અન્ન-આહાર મુખમાં લેવાય છે. અન્ન મળે એ સદ્‌ભાગ્ય ગણાય છે. ઉદર તૃપ્ત ભોજન નસીબવાળાને મળે છે.

સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મનનો વાસ હોય છે. જો આપણું શરીર સ્વસ્થ હોય તો શરીરથી થતું દરેક કાર્ય સફળ બની રહે છે. એટલે સફળ કાર્ય પૂર્તિથી જીવન પણ સફળ બને છે. અગાઉ ઘરમાં તૈયાર થતાં ભોજનનો મહિમા હતો. બદલાતા સમય અને સંજોગોને લીધે હવે ઘરના રસોડાનો બોજો હળવો થઈ ગયો છે. દિવસો દિવસ બહારથી ભોજન મંગાવવાનું ચલણ વધી ગયું છે અથવા તો જંક ફૂડ આરોગી લોકો પેટમાં ઠૂંસી રહ્યાં છે. જે કેમિકલ યુક્ત હોય છે તો વિટામીન શૂન્ય પણ હોય છે. બદલાતા સમયના તાલે આપણી જીવનશૈલી સમૂળગી બદલી દીધી છે. ભાગદોડ કરતાં લૂસ લૂસ જે મળે તે ખાઈને પેટ ભરી લઈએ છીએ પણ પોષણ, વિહીન રહીએ છીએ. સ્વાદની માયાજાળમાં ફસાઈને આપણું સ્વાસ્થય જોખમમાં મૂકી દીધું છે. મલ્ટીનેશનલ કંપનીઓની પ્રોડક્ટની જાહેરાતો જોઈને ઈન્સ્ટન્ટ ફૂડને ચાળે ચડીને બાળકો તેમજ મોટી વયના લોકો તેમની જીભના સ્વાદની પ્રકૃતિની વિરૂધ્ધ જઈને ગંભીર રોગોના આખરે શિકાર બને છે. પછી નાની વયે ડોક્ટરોની મુલાકાત લઈને પૈસા, સમય અને સ્વાસ્થ્યની બેફામ હાનિ કરતાં હોય છે.

આહાર શાંત ચિતે, પ્રફુલ્લિત મનથી અને પ્રાકૃતિક તરીકે પકાવેલા અન્ન ચાવી કરીને ગ્રહણ કરવું જોઈએ. ભોજની થાળીમાં જે પિરસાયું છે તે ભગવાનનો પ્રસાદ છે એ સમજીને સ્વીકારવું જોઈએ. એટલે ભગવાનનો આભાર માનીને ભોજન લેવું જોઈએ. જોઈતા પ્રમાણમાં લઈ અન્નનો આદર કરવું. એઠું રાખીને અન્નનો બગાડ ન કરવો. જમતી વખતે એટલું યાદ રાખો કે આ પૃથ્વી પર હજુ અનેક જણ ભૂખ્યા પેટે રહે છે.

સ્વાદિષ્ટ તાજી વસ્તુઓ ખાવી જોઈએ. પ્રકૃતિ અનુસાર દરેક ઋતુના શાક અને ફળ ખાવા જોઈએ. લીધેલા આહારથી શરીરમાં રક્ત, માંસ, મજ્જા બને છે. સમયના અભાવે જે તે ખાઈને રોગને આમંત્રણ આપવા કરતાં ઘરમાં બનેલી તાજી, પૌષ્ટિક વસ્તુઓ ખાવી જોઈએ. શરીર આપણું મશીન સાધન છે. જેનાથી આપણે વ્યવહાર ચલાવીએ છીએ. તેથી જ તે સ્વસ્થ રહે એ જરૂરી છે. આપણા અમૂલ્ય શરીરનું રક્ષણ કરવું આપણી પ્રાથમિક ફરજ છે. જીવનનું પ્રથમ સુખ સ્વસ્થ શરીર છે. આ સ્વસ્થ રહેવાનો મૂળ મંત્ર છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49% (p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# Shree VLVG ઘાટકોપરમાં શિક્ષણ ઉત્થાન માટે EDU BOOSTER વિષયક ચર્ચા સત્ર યોજાયું



તા.૨૧ એપ્રિલ રવિવાર સવારે ૧૦.૩૦ થી ૧ દરમ્યાન શ્રી કેડીઓ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ દ્વારા શ્રી વીરજી લધાભાઈ કેડીઓ જૈન વિદ્યાર્થીગૃહ વીએલવીજી ઘાટકોપર પશ્ચિમ સ્થળે શિક્ષણના ભવિષ્ય ઉત્થાનની ચર્ચા માટે વર્ષ ૨૧થી ૪૫ વર્ષ વય સુધીના કેડીઓ માટે EDU BOOSTER વિશે એ ચર્ચા સત્ર કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

વિવિધ વ્યવસાયો સાથે સંકળાયેલા ૬૦થી વધુ સહભાગીઓએ શિક્ષણના વર્તમાન પરિપેક્ષને કેવી રીતે ઉત્થાન આપવું તે અંગે ચર્ચા સંવાદ દ્વારા તેમના વિચાર મંતવ્યો રજૂ કર્યા હતા.

શિક્ષણ પ્રસારક સમિતિ SPS ટ્રસ્ટના પ્રમુખ કીરિટભાઈ લાપસિયા જેઓ આ કાર્યક્રમમાં અનિર્વાય સંજોગોવશાત જોડાઈ શક્યા ન હતા તેઓ કાર્યક્રમ સહભાગીઓને શુભેચ્છા પાઠવી હતી.

એસીપીએસના ટ્રસ્ટીશ્રીઓ કમલેશભાઈ વિકમશી, હેમાંગભાઈ ધરમશી અને હીરાચંદભાઈ દંડે કેડીઓ શૈક્ષણિક ટ્રસ્ટો માટેના કાર્યો વિશે સહભાગીઓને મંતવ્યો સાથે વિસ્તૃતપણે માહિતી આપી હતી. બધા સહભાગીઓ સાથે ફળદાયી ચર્ચા થઈ હતી. જેમાં યુવાનો વ્યવસાયિકો તેમજ શિક્ષણવિદોએ ઉપયોગી મંતવ્યો આપ્યા હતા.

કન્વીનર અનુજ લોડાયા એ સમગ્ર કાર્યક્રમ સંચાલન કર્યું હતું અને રસપૂર્વક ચર્ચા સત્રમાં જોડાવવા બદલ સૌનો આભાર માન્યો હતો. ઉપસ્થિત પ્રત્યેક જણએ આવા સત્રો ઓછામાં ઓછા છ મહિનામાં એક વાર યોજવા જોઈએ એવું જણાવ્યું હતું.



# શ્રી ગોરેગામ સંઘમાં મુમુક્ષુ કુ.નમ્યતાબેન નાગડાના ચારિત્ર મોહ જ્યોત્સવ પ્રસંગનું આમંત્રણ

શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વે.મૂ.જૈન સંઘના ઉપક્રમે તા.૫ મે રવિવારે સવારે ૮ કલાકે જખૌ ગોરેગામના મુમુક્ષુ કુ.નમ્યતાબેન હીના અનિલભાઈ નાગડાના ચારિત્ર મોહ જ્યોત્સવ પ્રસંગનું આયોજન શ્રી પાર્શ્વગુણ વિરતિ ઉદ્યાન, એ.બી.ગોરેગાંવકર ઈંગ્લિશ સ્કૂલ, આરે રોડ, ગોરેગામ વેસ્ટમાં આયોજન કરાયું છે.

ત્રિદિવસીય ચારિત્ર મોહ જ્યોત્સવના પ્રથમ દિને તા.૩મે શુક્રવારે સવારે ૬.૧૫ કલાકે પીરામલ નગર, એસ.વી.રોડ, ગોરેગામ વેસ્ટથી અચલગચ્છાધિપતિ એવં પદસ્થ મહાત્માઓ, શ્રમણ શ્રમણી ભગવંતોનું ભવ્ય સામૈયું પ્રવેશ તથા મુમુક્ષુ કુ. નમ્યતા નાગડા તથા કુ.યશ્વી ગોસરની શાનદાર વરસીદાન શોભાયાત્રા, સવારે ૭.૩૦ કલાકે મુહપતિપર સ્વસ્તિક આલેખન, બેઠું વરસીદાન તથા સકલ શ્રી સંઘની નવકારશી, બપોરે ૨.૩૦ કલાકે સંયમ વસ્ત્ર રંગોત્સવ, સંગીતકાર હર્ષભાઈ શાહ તથા મયંકભાઈ મારૂ અને સાથી કલાકારો રાત્રે ૭.૩૦ કલાકે વિદાય સમારોહ, પ્રસ્તુતિ પંડિતજી પારસભાઈ શાહ સંગીત સીએ દેવાંશ દોશી.




શનિવાર તા.૪મે સવારે ૬ કલાકે દીક્ષાર્થીના ઘરે પગલા, ૭.૧૫ કલાકે ચગબંધન સવારે ૯ કલાકે દશવિધ યતિ ધર્મો સાથે પાણિ ગ્રહમોત્સવ સંવેદના પંડિત વર્ય વિશાલભાઈ ઘરમશી તથા સાથી કલાકારો. બપોરે ૧૨ કલાકે શ્રી સંઘ સ્વામિવાત્સલ્ય, રાત્રે ૮ કલાકે સંઘના જિનાલયે ભક્તિ ભાવના.

તા.૫મે રવિવાર રજોહરન પ્રદાનમય તૃતીય દિવસે સવારે ૭ કલાકે ગૃહત્યાગ સહભાવ વરસીદાન શોભાયાત્રા, સવારે ૮ કલાકે વિરતી મંડપે પ્રવેશ તથા દીક્ષા વિધિ પ્રારંભ. સંવેદનાશાસન રત્ન અખંડ વરસી તપ આરાધક નરેન્દ્રભાઈ નંદુ, મેઘ-કચવન્ત જય નંદુ તથા સાથી કલાકારો બપોરે ૧૨ કલાકે શ્રી સંઘ સ્વામિવાત્સલ્ય.

સંઘની લાડલી મુમુક્ષુ કુ.નમ્યતા પૌદ્દમણિક પ્રીતિને પરિહરી પરિવારની સ્નેહન્વિત શૃંખલાથી વિમુક્ત બનીને સંયમના સાજ સજવા, પરમાનંદને પામવા, સહજાનંદને સાધવા સજ્જ બની છે. ત્યારે એના સંયમ સાધનાના શુભારંભને સત્કારવા, સન્માનવા, વધાવવા સકલ શ્રી સંઘો, સ્નેહીજનો ગુરૂભક્તો, સાજન-મહાજન સમસ્ત ગોરેગામવાસીઓને આશીર્વાદ રૂપી મંગળ કળશોમાં શુભભાવોનું નિર્મલ જળ લઈને સત્વરે પધારવાનું ભાવપૂર્વક આમંત્રણ શ્રી ગોરેગામ અચગચ્છ શ્વેતાંબર મૂતિપૂજક જૈન સંઘના ટ્રસ્ટીગણ, અધિકારી ગણ તથા કારોબારી ગણ તરફથી અપાયેલ છે.

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ આયોજિત લાલપુરમાં ચૈત્રી મહોત્સવની શાનદાર ઉજવણી








આપણા ક.દ.ઓ જૈન જ્ઞાતિ. ના આરાધ્ય દેવ શ્રી ભલારા દાદાના લાલપુરમાં સ્થિત મુખ્ય મંદિર. માં શ્રી ભલારા દાદા ટ્રસ્ટ આયોજિત ત્રિદિવસીય ચૈત્રી મહોત્સવ ૨૨૫ થી વધારે ભાવિકો ની ઉપસ્થિતિમાં સં. ૨૦૮૦ ને ચૈત્ર સુદ તેરસ થી પુનમ, તા. ૨૧ થી ૨૩ એપ્રિલ ૨૦૨૪ ના રૂડી રીતે ઉજવાયો.







# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ આયોજિત લાલપુરમાં ચૈત્રી મહોત્સવની શાનદાર ઉજવણી





હકીકતમાં ઘણાં ભાવિકોની હાજરીમાં આગલા દિવસથી જ ઉજવણી શરૂ થયેલ. સવારના દાદાનો પક્ષાલ- તિલક પુજા, સંકુલના  નવ ગ્રહ દેવ સહિત સર્વ દેવ-દેવીઓની ફુલહાર પુજા, દાદાની આરતી, ભક્તિ ભાવના, બપોર પહેલાં પહેડી પ્રસાદ તથા આરતી, સાંજે આરતી, દાદાનો પાઠ, ભક્તિ ભાવના, રાત્રે છડી પોકારી દરેક ભાવિકો ને દિવડા આપી મહા આરતી વગેરેમાં ભાવિકો ભાવ વિભોર થઇ જોડાયા હતા.

વિશેષતા માં તેરસ ના શ્રી મહાવીર સ્વામી ના જન્મ કલ્યાણક નિમિત્તે દાદા ના સ્થાન થી લાલપુર ગામના શ્રી ધર્મનાથ જી દેરાસર સુધી બે કીમીની રથયાત્રા માં ઘણાં ભાવિકો જોડાયા હતા.

ચૌદસ ના દિવસે બપોરે ૩.૩૦ ક. થી યતિવર્ય શ્રી મોતિસાગરજી મ. સા.ની પાવન નિશ્રામાં અચલ ગચ્છ અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી માતાજી ની મન મોહક ભાવના થયેલ.

પ્રસાદીના સૌજન્ય દાતા સુશ્રી રંજનબેન નારાણજી નેણશી સોની હતા. ભાવના બાદ થયેલ લક્કી ડ્રોના સૌજન્ય દાતા સર્વ શ્રી સોમચંદ જેઠાભાઈ સોની, રંજનબેન નારાણજી સોની તથા અજીત માલશી લોડાયા હતા.

પુનમ ના દિવસે દાદાની પક્ષાલ, તિલક, ફુલહાર, હેમના દાગીના, મંદિરના શિખરે ધ્વજારોહણ, ભંડારાની પુજા, અન્ય સ્થાને ધ્વજારોહણ, અન્ય દેરીઓ-મંદિરમાં બિરાજમાન દેવ દેવીઓઃ વીરોજી-પાતોજી, ગણપતિ બાપ્પા, અંબે માતાજી, સચ્ચાઈ માતાજી, મહાકાળી માતાજી, નવગ્રહ દેવો તથા શ્રી ક્ષેત્રપાળ દેવની અષ્ટપ્રકારી પુજા થયેલ. વિવિધ ચડાવાઓની ઉછામણી શ્રી રાહુલ મેઘજી ધુલ્લા તથા શ્રી વીરચંદ નરશી લોડાયા એ પોતાની આગવી શૈલીમાં કરેલ.






# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ આયોજિત લાલપુરમાં ચૈત્રી મહોત્સવની શાનદાર ઉજવણી





**દરરોજ પાઠ તથા મહાઆરતીના લાભાર્થી પરીવારઃ**

**પાઠ –**

**બારસઃ શ્રી દિપ નિમેશ તારાચંદ મોતા (રાપર–ભાંડુપ)**

**તેરસઃ શેઠ શ્રી શામજી નરશી દંડ (સાંધવ–મુલુંડ)**

**ચૌદસઃ મા. રેવંતીબેન વીરચંદ જેઠાભાઈ મૈશેરી (જખૌ–યવતમાલ)**

**પુનમઃ સમુહ પાઠ**

**મહા આરતી ના લાભાર્થી પરીવારઃ**

**બારસઃ મા. લતાબેન ઝવેરચંદ મુલજી દંડ (સાંધવ–લાલપુર)**

**તેરસઃ મા. ચંપાબેન હંસરાજ પરબત ડાઘા (વરાડીયા–માટુંગા)**

**ચૌદસઃ શ્રી ભલારા દાદા પુનમ ભાવિક મંડળ, મુંબઈ.**

**પુનમનાં સુખડી–પ્રસાદીના લાભાર્થી પરીવાર :**

**સૌ. ભારતીબેન ભદ્રીચંદ ભવાનજી દંડ (છાદુરા– ડોમ્બીવલી) હતાં.**

છેલ્લા ૩ વર્ષથી ચૈત્રી મહોત્સવ સહિત દરરોજના ભોજનના લાભાર્થી પરીવાર મા.રાજબાઈ પદમશી ખીમજી મોતા હ. જયશ્રીબેન ભરત મોતા (કુવાપધર–હૈદરાબાદ) તથા મા. વિજયાબેન કુંવરજી હરશી લોડાયા (રાપર–ભાંડુપ) લાભ લઇ રહ્યા છે. મહોત્સવ દરમિયાન શ્રી ભલારા દાદા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી જયંતીભાઈ વિસનજી છેડા તથા શ્રી પંકજભાઈ પદમશી ખોના ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણે દિવસ કાઉન્ટર પર શ્રી તારાચંદ લીલાધર ખોના (જખૌ) તથા શ્રી સોમચંદ જેઠાભાઈ સોની (સુથરી) એ સેવા આપી હતી. આરતીમાં સાથ આપનાર તથા ભક્તિ ભાવનામાં ગીતો રજૂ કરનાર સર્વશ્રી ભરતભાઈ ચત્રભોજ કાંકન, (સાંઘાણ), લહેરચંદ મણશી પોલડીયા (ડુમરા), મુલચંદ દેવશી દંડ (તેરા), રાહુલ ધુલ્લા (સુથરી) ના નામ ઉલ્લેખનીય છે.







# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ આયોજિત લાલપુરમાં ચૈત્રી મહોત્સવની શાનદાર ઉજવણી








પુનમના દિવસે મહોત્સવમાં પધારેલા જામજોધપુરના વિધાનસભ્ય શ્રી હેમંતભાઈ ખવાનો નો ટ્રસ્ટ વતી સન્માન કરવામાં આવેલ.

**વાર્ષિક નિભાવ ફંડના લાભાર્થી પરિવારો :**

માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસિયા,
મે. યુ એમ ખોના એન્ડ કાં,
માતુશ્રી રતનબેન કાન્તિલાલ મોતા,
માતુશ્રી દિવ્યાબેન દામજીબેન લોડાયા અને માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા જખૌ, મુલુંડ,
માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા વરાડિયા માટુંગા,
અંબા શિપિંગ એજન્સી મસ્જીદ બંદર,
માતુશ્રી મણીબાઈ મેઘજી ધુલ્લા સુથરી, મુલુંડ,
માતુશ્રી પ્રીતિબેન પ્રવીણ ભવાનજી મોતા કુવાપધ્ધર ગોરેગામ,





# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ આયોજિત લાલપુરમાં ચૈત્રી મહોત્સવની શાનદાર ઉજવણી







માતુશ્રી સોનબાઇ રાયચંદ કરમશી લોડાયા દલતુંગી, ડોમ્બીવલી,
માતુશ્રી જયાબેન ચીમનલાલ મોમાયા ભલારા કેટરર્સ વરાડિયા, ભાંડુપ,
સ્વ.સૌ.વાસંતી કુલીનકાંત મોમાયા વરાડિયા, મુલુંડ,
માતુશ્રી મણીબાઈ વાલજી ખોના દાદર, સાંધવ,
શ્રીમતી શીતલ સુરેશ મોમાયા નલિયા, મુલુંડ,
માતુશ્રી  હીમાબાઈ ટોકરશી સોની સાયરા, મુલુંડ,
સ્વ, સૌ જ્યોત્સના વીરેન્દ્ર મોમાયા વારાપધર, ડોમ્બીવલી,
અ.સૌ. અનુપમા વીરચંદ દંડ કોઠારા, મુલુંડ,
માતુશ્રી  જવેરબેન પદમશી લોડાયા હસ્તે પદમિની મનોજ લોડાયા સાયરા, મુલુંડ,
કલ્યાણજી કેશવજી પીર સુથરી, અમદાવાદ.







# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોઠારા દ્વારા વિસ્તૃતિકરણ અતિથિગૃહ, નૂતનીકરણ ભોજન શાળા, પાંજરાપોળના નૂતન ઘાસચારા ગોડાઉનના લોકાપર્ણ પ્રસંગે પધારવાનું આમંત્રણ

તા.૧૮ મે શનિવાર તથા તા.૧૯ મે રવિવારના કોઠારાતીર્થે વિસ્તૃતીકરણ થયેલ અતિથિગૃહ નૂતનીકરણ થયેલ ભોજનશાળા તથા પાંજરાપોળ નૂતન ઘાસચારા ગોડાઉનનું લોકાપર્ણ તથા ઉદ્ઘાટન સમારોહનું આયોજન શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન કોઠારા દ્વારા કરાયું છે.

ઈ.સ.૧૯૮૩માં હીરા જ્યોતિ અતિથિગૃહનું નિર્માણ થયેલ ત્યારબાદ ૨૦૦૭માં માતુશ્રી કાંતાબેન ગોવિંદજી ધનજી અજાણી અતિથિગૃહનું નિર્માણ થયેલ. પ્રસંગોપાત આ બંન્ને અતિથિગૃહ નાના પડતા અજાણી અતિથિ ગૃહની લગોલગ શ્રીમતી મંજુલાબેન લહેરચંદ નાગડા તરફથી ભૂમિ પ્રાપ્ત થતાં એ ભૂમિ તથા મહાજનની ભૂમિ પર છ રૂમ સાથે અતિથિગૃહનું વિસ્તુતિકરણ કરવામાં આવેલ. જે કાર્ય પૂર્ણતાને આરે છે. અતિથિગૃહના વિસ્તૃતીકરણના લાભાર્થીઓ શ્રીમતી મંજુલાબેન લહેરચંદ લખમશી નાગડા કોઠારા તથા માતુશ્રી કસ્તુરીબાઈ રાયચંદ ઉમરશી છેડા પરિવાર કોઠારા છે.

ઈ.સ.૧૯૮૬માં શ્રીમતી રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા લાખાણીયા પરિવારે મહાજનશ્રીની ભૂમિ પર જૈન ભોજન શાળા નિર્માણ કરી આપેલ. વર્તમાન સમયને અનુરૂપ જરૂરી સુધારા વધારા કરી દાતાઓના સહયોગે નૂતનીકરણનું કાર્ય સાકાર પામ્યું છે.

ભોજનશાળાના નૂતનીકરણના લાભાર્થીઓ માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી વેરશી લોડાયા પરિવાર આરીખાણા મુલુંડ તથા માતુશ્રી લક્ષ્મીબાઈ માણેકજી દેવશી ધરમશી-પાવડા પરિવાર કોઠારા.

શ્રી કોઠારા પાંજરાપોળ જીવદયા ક્ષેત્રે ૧૬૩ વર્ષથી અબોલ જીવોનું જતન કરી રહ્યું છે. હાલ સમય અનુરૂપ ઘાસચારો રાખવા એક વિશાળ ગોડાઉનની આવશ્યકતા જાણાતા ૨૪૦૦ સ્કે.ફૂટનું વિશાલ ગોડાઉનનું નિર્માણ પાંજરાપોળમાં કરવામાં આવેલ.

પાંજરાપોળના ગોડાઉન નિર્માણના લાભાર્થીઓ ૧) માતુશ્રી લક્ષ્મીબાઈ ઝવેરચંદ વિશનજી ધરમશી બીજાપુર-કોઠારા ૨) માતુશ્રી નવલબાઈ ઉમરશી શીવજી દંડ કોઠારા ૩એ) શ્રી અંબે મા અને મેઘઈ માના ભાવિકો તરફથી કોઠારા ૩બી) માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી વેરશી લોડાયા આરીખાણા મુલુંડ ૩સી) માતુશ્રી વિજયાબાઈ રાયચંદ ભોજરાજ ધરમશી મસુર કોઠારા.

લોકાપર્ણ ઉદ્ઘાટનના પાવન પ્રસંગના સમારંભ પ્રમુખ નલીન કેશવજી અજાણી, પ્રમુખ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, કોઠારા, સમારોહ પ્રસંગે પધારનાર અતિથિ વિશેષો શ્રી ક.દ.ઓ.જૈન મહાજન અમદાવાદ પ્રમુખ જીતેન્દ્ર દેવજી ખોના, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને સાધારણ ફંડ ટ્રસ્ટી પારસ પદમશી મૈશેરી, માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી અતિથિગૃહના દાનવીર જયંત ગોંવિદજી અજાણી અને શ્રીમતી રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા ભોજન શાળાના દાનવીર યશ ધીરેન લક્ષ્મીચંદ ધારશી મોતા.

કાર્યક્રમ સમારોહની રૂપરેખામાં પ્રથમ દિવસ શનિવાર, તા.૧૮ મે ના રોજે સવારે ૯ કલાકે વાજતે ગાજતે દાતાશ્રીઓ મહેમાનોનું સ્વાગત સામૈયું. બપોરે ૨.૩૦ કલાકે ભોજન શાળામાં વાસ્તુ પૂજા, સાંજે ૭.૩૦ કલાકે જિનાલયમાં ભક્તિ ભાવના, સંગીતકાર વિધિકાર નીકેશ ઝવેરચંદ દેઢિયા ગઢશીશા.

દ્વિતીય દિવસ તા.૧૯ મે રવિવારના સવારે ૮.૩૦ કલાકે પાંજરાપોળ ગોડાઉનનું ઉદ્ઘાટન સવારે ૯.૩૦ કલાકે વિસ્તૃતિકરણ થયેલ. અતિથિગૃહનું ઉદ્ઘાટન તથા સવારે ૧૦ કલાકે નૂતનીકરણ થયેલ ભોજનશાળાનું ઉદ્ઘાટન તથા પ્રાસંગિક કાર્યક્રમ.

ત્રિવેણી સંગમ સમા ત્રણ-ત્રણ સ્થાનોના લોકાપર્ણ ઉદ્ઘાટન સમારોહ પ્રસંગે કોઠારા તીર્થવાસીઓ, નિયાણી બેનો દાતા પરિવારો આમંત્રિત મહેમાનોને સહપરિવાર પધારવાનું આમંત્રણ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કોઠારા જ્ઞાતિ મહાજનના પ્રમુખ મેનેજીગ ટ્રસ્ટી, ટ્રસ્ટી ગણ કારોબારી પદાધિકારીઓ અને સમસ્ત કારોબારી તરફથી છે. આમંત્રિત મહેમાનો તથા ગામવાસીઓની સકળ શ્રી સંઘની ત્રણેય ટાઈમની સાધર્મિક ભક્તિ મહાજનશ્રી તરફથી રહેશે.

# અખિલ ભાંડુપ જૈન સંઘ દ્વારા શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ઉજવણી





તા.૨૧ એપ્રિલ રવિવારના શ્રી અખિલ ભાંડુપ જૈન સંઘના બેનર હેઠળ ભાંડુપ ઉપનગરના વિવિધ જૈન સંઘોના ઉપક્રમે શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવની સંયુક્ત ઉજવણી કરાઈ. સહભાગી થયેલ ૧૩ જૈન સંઘમાં શ્રી રાજસ્થાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ ભટ્ટીપાડા, શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ ઈશ્વર નગર, શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ મેવાડ, ભાંડુપ, મુલુંડ, શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મહારાષ્ટ્ર નગર, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપ, શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન સંઘ કુકરેજા કોમ્પલેક્સ ભાંડુપ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ જિનાલય સમૃધ્ધિ ગાર્ડન, શ્રી જૈન મેવાડ મૂર્તિપૂજક સંઘ મુંબઈ, શ્રી જૈન શ્વેતાંબર મૂ.પૂ.રાજસ્થાન સંઘ પ્રતાપનગર, શ્રી વિલેજ રોડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ વિલેજ રોડ, શ્રી જૈન શ્વેતાંબર તેરા પંથ સભા ભાંડુપ, શ્રી કચ્છી વિશા ઓસવાલ અચલગચ્છ જૈન સંઘ તથા શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગંબર જૈન સંઘ ભાંડુપ.

---




# હૈદ્રાબાદ સિટી સંઘની ચાતુર્માસ વિનંતીને મહારાજ સાહેબએ સ્વીકારી



**નાંદેડમાં બિરાજીત પ.પૂ.સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ને આગામી ચાતુર્માસ હેતુ વિનંતી કરતા હૈદ્રાબાદ સિટી સંઘના મેનેજીગ ટ્રસ્ટી પોપટલાલ છેડા, અનિશ છેડા, વિપુલ ગાલા, લહેરચંદ લોડાયા, રાજીવ મામણિયા, રિધ્ધિશ જાગીરદાર એવમં અન્ય.**

તેલગંણા રાજ્યના પાટનગર હૈદ્રાબાદ સિટી સ્થિત કાચીગુડા અચલગચ્છ જૈન સંઘ સંચાલિત શ્રી શાંતિનાથ પ્રભુ મંદિર-જિનેશ્વર ધામ મધે આગામી ચાતુર્માસમાં આરાધના કરવાને માટે પ.પૂજ્યસાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હિતહર્ષાશ્રીજી મ.સા. એવમં પ.પૂ.સાધ્વીશ્રી યોગદ્રષ્ટિશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ને વિનંતી કરાઈ.

એક પ્રેસનોટ દ્વારા મેનેજિંગ ટ્રસ્ટી પોપટલાલ છેડાએ જણાવ્યું કે શાસન રત્ન રાષ્ટ્રએ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. એવમં ગચ્છાધિપતિ તપસ્વી રત્ન પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞા આશિષથી તથા વર્તમાન અચલગચ્છાધિપતિ આદિત્ય દિવાકર સૌમ્ય સ્વભાવી દક્ષિણ દીપક, પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના શુભાશિર્વાદથી તથા પૂજ્ય સાધ્વીશ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના સુશિષ્યા સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હિતહર્ષાશ્રીજી મ.સા. એવમ પ.પૂ.સાધ્વીશ્રી યોગદ્રષ્ટિશ્રીજી મ.સા. આદિઠાણા-૩ને વિનંતી કરવાહેતુથી હૈદ્રાબાદ એક પ્રતિનિધિ મંડળ બુધવાર તા.૨૪ એપ્રિલના નાંદેડ મહારાષ્ટ્ર ગયા. પ્રતિનિધિ મંડળમાં સંઘના ટ્રસ્ટીગણ પોપટલાલ છેડા, અનિશ છેડા તથા વિપુલ ગાલાએ પૂજ્ય ગુરૂવરને પોતાનું આગામી ચાતુર્માસ હૈદ્રાબાદમાં કરવાની વિનંતી કરી હતી.

શ્રી સંઘની હૃદયસ્પર્શી વિનંતીને માન્ય ધરી પૂજ્ય ગુરૂવર એ પોતાનો આગામી ચાતુર્માસ શ્રી સંઘમાં કરવાની ભાવનાને સ્વીકારી. આ ઘોષણાની જય બોલાવી હર્ષ વ્યક્ત કરાયો.

સંઘના પ્રચાર સંયોજક રિધ્ધિશ જાગીરદાર એ વધુમાં જણાવ્યું પૂજ્ય ગુરૂદેવ પાલડી અમદાવાદ મધે યશસ્વી ચાતુર્માસ પૂર્ણ કરી મધ્યપ્રદેશના મોહખેડા, ઈન્દૌર, ઉજ્જૈન નાગેશ્વર આદિ તીર્થ સ્પર્શના કરી મહારાષ્ટ્રના અંતરીક્ષ તીર્થ થઈ નાંદેડ પધાર્યા. ત્યાંથી પ્રસ્થાન કરી નિજામાબાદ, કામારેડ્ડી, મનોહરાબાદ મેડચલ થઈને હૈદ્રાબાદમાં સંભવિત રીતે ૧૫મેના નગર પ્રવેશ થશે. નાંદેડમાં શ્રી ચંદ્રપ્રભુ સ્વામી શ્વેતાંબર જૈન સંઘ દ્વારા બુધવાર તા.૨૪ એપ્રિલના પૂજ્ય સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા.ની ૭૮મી આયંબિલની ઓળીના પારણા કાર્યક્રમ થયો જેમાં નાંદડે શ્રી સંઘના દીપક લાપસીયા, ભાવેશ નાગડા, અમિત લોડાયા, કાશ્મીરા મોતા, દિપેશ લોડાયાએ હૈદ્રાબાદ સંઘથી પધારેલ સંઘના ટ્રસ્ટીગણ પોપટલાલ છેડા, અનિશ છેડા તથા વિપુલ ગાલાને શાલ, માલા દ્વારા અભિવાદન કર્યું. હૈદ્રાબાદ શ્રી સંઘ દ્વારા સર્વેને પૂજ્ય સાધ્વીજી મહારાજના આગામી ૭ જુલાઈના ચાતુર્માસ મંગલ પ્રવેશમાં પધારવાનું નિમંત્રણ અપાયું. જેનો સ્વીકાર કરી શ્રી નાંદેડ સંઘએ અવશ્ય પધારવાનો વિશ્વાસ બતાવ્યો હતો. ચાતુર્માસ નિવેદન કરવા હેતુ સાથે શ્રી સંઘ ટ્રસ્ટીઓની સાથે રિધ્ધિશ જાગીરદાર, દેવચંદ ગાલા, રાજીવ મામણીયા, લહેરચંદ લોડાયા, શાંતિલાલ મારૂ, ભરત શાહ, મણિલાલ સાવલા, પ્રવીણ છેડા, જયેશ ગાલા, હેમંત ગડા, પ્રીતિ મામણિયા, ભાનુબેન ગાલા, અવનિ છેડા, જ્યોત્સના સાવલા, રેણુકા શાહ, જયવંતી દેઢિયા આદિ ઉપસ્થિત હતા.

# શ્રી ભલારા ભક્તિ મંડળ દ્વારા હૈદ્રાબાદમાં સામૂહિક પાઠ ઉત્સાહપૂર્વક સંપન્ન થયા





**રામકોટ સ્થિત શ્રી કચ્છી ભવનમાં શ્રી ભલારા ભક્તિ મંડળ ના તત્વાવધાનમાં આયોજિત શ્રી ભલારાદાદા સામૂહિક પાઠમાં લાભાર્થી જિગ્નેશ મોતાનું અભિવાદન કરતાં લહેરચંદ લોડાયા, ગુલાબ મોતા, હંસકુમાર સાયલા, વિજય જાગીરદાર, રિધ્ધિશ જાગીરદાર, દિલીપ મોતા અને અન્ય.**

હૈદ્રાબાદ સિટી સ્થિત રામકોટમાં શ્રી કચ્છી ભવનમાં શ્રી ભલારા ભક્તિ મંડળ દ્વારા તા.૨૩ એપ્રિલ મંગળવારના ભલારાદાદાના સામૂહિક પાઠ ઉત્સાહ એવમ શ્રધ્ધાપૂર્વક સંપન્ન થયા.



શ્રી ભલારાદાદા ભક્તિ મંડળના સભ્ય લહેરચંદ લોડાયા તથા હંસકુમાર સાયલા દ્વારા સંયુક્ત પ્રેસ વિજ્ઞપતિમાં જણાવ્યા મુજબ શ્રી કચ્છી ઓસવાલ જ્ઞાતિના કુલદેવતા. સર્વ દુઃખ નિવારક મનોવાંછીત ફળ પ્રદાતા શ્રી ભલારાદાદાના સામૂહિક પાઠ તથા પેડી પ્રસાદનું ભવ્ય આયોજન ચૈત્ર સુદ પુનમ મંગળવાર તા.૨૩ એપ્રિલના સાંજે ગોધુલી વેળાએ સાંજે ૬ વાગે કરાયું. આ અવસરે વિભન્ન માંગલિક ધાર્મિક આયોજન કરાયા હતા. જેમાં સામૂહિક પાઠ, દાદાની આરતી તથા પેડી પ્રસાદનું આયોજનમાં ભાવિકજનો શ્રધ્ધાપૂર્વક જોડાયા હતા.

આ વર્ષના સામૂહિક પાઠ એવમ પ્રસાદીનો લાભ માતુશ્રી ચંદ્રમણિબેન નવીનચંદ્ર દેવજી તેજપાર મોતા પરિવાર હસ્તે જયશ્રીબેન જિગ્નેશ મોતાને પ્રાપ્ત થયો હતો. આ અવસરે વિધિ વિધાન વિધિકાર કાંતિલાલ મોતા દ્વારા કરાયા હતા. શ્રી ભલારા દાદાના સામૂહિક પાઠનું આયોજન છેલ્લાં ૩૪ વર્ષથી નિરંતર કરાઈ રહ્યું છે.

આ અવસરે ૨૦૦ જેટલા ભાઈ બહેનો સહભાગ લીધો હતો. ગુલાબ મોતા, કાંતિલાલ શાહ, દિલીપ મોતા, હંસકુમાર સાયલા, વિજય જાગીરદાર કાંતિલાલ મોતા, જિગ્નેશ મોતા, જયા જાગીરદાર, હંસ લોડાયા, ગીતા હંસકુમાર સાયલા, વ્યોમા સિધ્ધાર્થ, ધારિણી પારસ જાગીરદાર સહિત અન્ય ગણમાન્ય ઉપસ્થિત રહ્યાં હતા.

# શ્રી કુંથુનાથ મહિલા મંડળ, રાયપુર દ્વારા શ્રી કુંથુનાથ જિનાલયમાં શ્રી મહાવીર સ્વામી જન્મકલ્યાણક મહોત્સવ નિમિત્તે મોક્ષની સીઢી ધાર્મિક હરીફાઈ આયોજન કરાયું



શ્રી કુંથુનાથ મહિલા મંડળ, રાયપુર દ્વારા રવિવાર, તા.૧૪ એપ્રિલના શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હોલમાં બપોરે ૩ વાગેથી શ્રી મહાવીર સ્વામી જન્મકલ્યાણક મહોત્સવ નિમિત્તે મોક્ષની સીઢી ધાર્મિક કાર્યક્રમની હરીફાઈ રાખવામાં આવેલ. એમાં વર્ગ અ (૧૫ વર્ષ સુધીના) પ્રથમ ચિ. ખુશી અંકિત દંડ (ભિલાઈ) દ્વિતીય : ચિ.હનિકા પીયૂષ મૈશેરી, તૃતિય : ચિ. કાવ્યા જયેશ નાગડા વર્ગ-બ (૧૫ વર્ષથી ઉપરના) પ્રથમ સૌ. સમૃદ્ધિ સંજય જીવાણી, દ્વિતીય : શ્રી જીગર હરીશ ખોના, તૃતીય : શ્રીમતી શોભા સંચેતી હતા.

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા જિનાલય પરિસરની લાગતી બાજુમાં મકાન લેવામાં આવેલ છે. ત્યાં બુધવાર, તા.૧૭ એપ્રિલ શ્રી રામનવમીના શુભ દિવસે શ્રી કુંથુનાથ મહિલા મંડળ, રાયપુર દ્વારા સ્નાત્ર મહોત્સવ રાખવામાં આવેલ.

# તિરૂપુરના શ્રી સુવિધિનાથ દેરાસરમાં ચૈત્રી માસ આયંબિલ તપની ઓળીના પારણા થયા





દક્ષિણ ભારતના તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરમાં તા.૧૫ એપ્રિલથી ચૈત્રમાસની આયંબિલ તપની ઓળી સુંદર ભાવ સાથે થયેલ. ઓળી તપમાં ૪૫ જેટલા તપસ્વી હતા તથા છૂટક આયંબિલ કરવા રોજ ૫૦ થી ૫૫ જણ જોડાયેલ. ૯ દિવસ સ્નાત્ર પૂજા ભણાવેલ. રોજ આયંબિલના દાતા હતા. ૨૪ એપ્રિલના તપસ્વીના પારણાના લાભાર્થી લુમનકરણ ચંપાલાલ બોહરા પરિવાર લીધેલ. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન શ્રી સંઘ તરફથી ટ્રસ્ટીઓ એ કરેલ. રોજ સેવા તથા પીરસવા નાના મોટા ભાઈ બહેનો જોડાયેલ. દાતા પરિવાર અને સેવા આપેલ બધાની સંઘએ અનુમોદના કરી હતી.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ, રાયપુર દ્વારા ભગવાન મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ નિમિત્તે શ્રી મહાવીર સ્વામીજીના ફોટો પર માલ્યાપર્ણ કરાયું






શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ, રાયપુર દ્વારા પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ રવિવાર, તા.૨૧ એપ્રિલના સવારે ૯.૩૦ વાગે ભગવાન મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ નિમિત્તે શ્રી મહાવીર સ્વામીજીના ફોટો પર માલ્યાપર્ણ યુવા મંડલના પૂર્વ પ્રમુખ શ્રી અમિત હીરાચંદ મૈશેરી, દીપ પ્રાગટ્ય યુવા મંડળના પ્રમુખ શ્રી વિરલ રાજેશ લોડાયા દ્વારા ત્યારબાદ રાયપુરના સકલ જૈન સમાજ દ્વારા આયોજિત વિશાલ શોભાયાત્રા (વરઘોડો)નું સ્વાગત મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ સર્વે માટે બોલપેનની પ્રભાવના તથા શીતલ જલ સેવા (ઠંડા પાણી)નું વિતરણ કરવામાં આવેલ. યુવા સાથિયો દ્વારા જીવદયા કાર્યમાં ગૌવંશને ગોળ ખવડાવામાં આવેલ.





# રાયપુરમાં શ્રી મહાવીર જન્મ કલ્યાણક ઉજવણીમાં છતીસગઢના મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યાં




તા.૨૧ એપ્રિલ રવિવારના ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી કાર્યક્રમમાં છતીસગઢ રાજ્યના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાય એવમ દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય બૃજમોહન અગ્રવાલ, ઉત્તર વિધાયક પુરીંદર મિશ્રા સામેલ થયા હતા. સકલ જૈન સમાજના વિભન્ન મંડળો જે સેવાના વિવિધ ક્ષેત્રમાં સેવા પ્રવૃત્તિ કરે છે તેમનું સન્માન અભિવાદન મુખ્યમંત્રી શ્રી દ્વારા કરાયું હતું.

મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાયએ આ પ્રસંગે પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે હું પ્રથમવાર ભારતમાં પ્રસિધ્ધ જૈન દાદાવાડીમાં આવ્યો છું. ભગવાન મહાવીર સ્વામીના સત્ય, અહિંસાના ઉપદેશ જૈન ધર્મીઓ સિવાય અન્ય સૌએ અંગીકાર કરવા જોઈએ. છત્તીસગઢ ભાગ્યળાળી છે જ્યાં વિશ્વ પ્રસિદ્ધ આચાર્ય વિદ્યાસાગર મહારાજ એ સમાધિ લીધી છે. તેમની પાવન સમાધિ સ્થળ દર્શન કરવાનો સૌભાગ્ય મને થોડા દિવસ પૂર્વે મળ્યો. છતીસગઢની ધરા ધન્ય બની છે જ્યાં મહાન જૈન સંતનું મોટું તીર્થનું નિર્માણ થઈ રહ્યું છે.

જૈન સમાજ માનવસેવાના કાર્યમાં સદૈવ અગ્રેસર રહે છે. અને સર્વાંગી પણે ધર્મ અને જનસેવાના કાર્યમાં ઓતપ્રોત રહે છે. હું સૌ જૈન મંડળોને હાર્દિક વધાઈ આપી શુભકામના પ્રદાન કરું છું એવું છેલ્લે મુખ્યમંત્રીશ્રી કહ્યું હતું. મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાયની સાથે દક્ષિણ વિધાયક રાયપુર લોકસભાના ઉમેદવાર બૃજમોહન અગ્રવાલ, ઉત્તર વિધાન સભાના વિધાયક પુરંદર મિશ્રા પણ સંગાથે રહ્યા હતા.

---

# પરજાઉ નગરે નાગડા ગૌત્રના કુળદેવી શ્રી અંબેમાતાની નવનિર્મિત મંદિરમાં પુનઃપ્રતિષ્ઠાનું આયોજન

વિક્રમ સંવત ૨૦૮૦ વૈશાખી પુનમ તા.૨૩ મે ગુરૂવાર, પાવન દિને અબડાસા વિભાગના પરજાઉ નગરે નાગડા ગૌત્રના કુળદેવીશ્રી અંબેમાતાજીના નવનિર્મિત મંદિરમાં માતાજીને નમતા પરજાઉ, વારાપધ્ધર, કોઠારા, સાંધાણ ગામના ભાવિકો દ્વારા માતાજીની મંદિરમાં પુનઃપ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમ આયોજિત કરાયેલ છે. જેની વધુ માહિતી વિગત માટે નવીન પટેલ નાગડા વડોદરા મો.નં.૯૩૭૭૧૨૪૫૮૨નો સંપર્ક કરવો.

# શ્રી ક.દ.ઓ.જૈન સમાજ વડોદરા દ્વારા મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે ભવ્ય શોભાયાત્રા





શ્રી ક.દ.ઓ.જૈન સમાજ દ્વારા શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ અને શ્રી ક.દ.ઓ.જૈન યુવા મંચના સંગાથે શ્રી મહાવીર જન્મ કલ્યાણક દિન નિમિત્તે ભવ્ય રથયાત્રાનું આયોજન કરાયું હતું. કચ્છી રથ ઉપર ધર્મ, સમાજ અને પર્યાવરણ જાગૃતિ વિષયક સૂત્ર બેનર લગાવાયા હતા. જ્ઞાતિ ભાઈ બહેનો ઉત્સાહપૂર્વક આયોજનમાં જોડાયા હતા.



# તિરૂપુર સંઘમાં મહાવીર જન્મ કલ્યાણક દિવસની ભક્તિ પૂર્વક ઉજવણી કરાઈ





તા.૨૧ એપ્રિલ રવિવારના મહાવીર જન્મ કલ્યાણક દિવસની ઉજવણી તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જૈન મંદિરમાં સવારે ભક્તામ્બર પાઠ ત્યારબાદ નવકારશીની આયોજન કરાયું. ભગવાન મહાવીર ફોટોના લાભાર્થી પરિવાર માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા વરાડીયાવાળા છાશ અને લાડુનું સર્વજનને શ્રી સંઘ દ્વારા વિતરણ કરાયું. આ અવસરે ૨૫૦ જેટલા ભાવિક ભાઈ બહેનો સહભાગી થયા હતા. સર્વે આયોજનની વ્યવસ્થા શ્રી તિરૂપુર શ્વેતાંબર જૈન મંદિર દ્વારા સુચારૂપણે કરાઈ હતી.



# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ચંદનબાઈ મોતા**
તા.૨૦ એપ્રિલ (ઉ.૮૧)
રાપર-ગદગ



**હંસાવતીબેન ધુલ્લા**
તા.૨૩ એપ્રિલ (ઉ.૮૭)
સુથરી-ચેમ્બુર



**કિર્તીકુમાર ધરમશી**
તા.૨૬ એપ્રિલ (ઉ.૬૮)
સુથરી-થાણે





**શાંતીલાલ લોડાયા**
તા.૨૭ એપ્રિલ (ઉ.૭૨)
સાંધવ



**દિલીપભાઈ મૈશેરી**
તા.૨૭ એપ્રિલ (ઉ.૭૫)
સાધાણ-કાંજુરમાર્ગ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છ જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ સંવેદનશીલ જિલ્લો છે. પશ્ચિમ કચ્છ-ભુજ તથા પૂર્વ કચ્છ ગાંધીધામમાં માનવ વસાહત રહિત કુલ્લ ૨૧ ટાપુઓ આવેલા છે. આ નિર્જન ટાપુઓ પૈકી અમુક ટાપુઓ પર ધાર્મિક જગ્યાઓ આવેલી છે. જ્યાં અવારનવાર ધાર્મિક પ્રસંગો અને દર્શનાર્થે માણસો અવર જવર કરે છે. આ ટાપુઓ પર રાષ્ટ્ર વિરોધી તત્વો સહેલાઈથી આશ્રય મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તેવી પુરી સંભવના હોતા આ ૨૧ ટાપુઓ પર પ્રવેશ કરવા જાહેરનામા અન્વયે પ્રતિબંધ ફરમાવ્યો છે. સરકારની સુરક્ષા એજન્સીઓ સરકારી કામમાં જોતરાયેલા અધિકારીઓ, કેન્દ્ર સરકારના કર્મચારી અધિકારીઓને મુક્તિ આપવામાં આવી છે.

● અબડાસામાં પ્રવાસનને વેગ આપવા છેલ્લાં લાંબા સમયથી પિંગલેશ્વર બીચને વિકસાવવાની ચર્ચા ચાલતી હતી. અંતે રાજ્યના પ્રવાસન વિભાગે પ્રથમ તબક્કે રૂા. પાંચ કરોડની ગ્રાંટની સૈધાતિક મંજૂરી આપી દીધી છે. ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજાની આ દરખાસ્ત સ્વીકારાઈ છે. કચ્છના ધાર્મિક સ્થાનકો તથા પ્રવાસન ધામોના વિકાસથી યાત્રી પર્યટકો માટે આકર્ષણ કેન્દ્ર બનવા હવે અબડાસા પણ પાછળ નહીં રહે એવી લોકો એ લાગણી જતાવી હતી.

● ભારતીય રેલવે પ્રણાલીમાં વંદે ભારત ટ્રેનો સંભવિત ગેમ ચેન્જર તરીકે ઊભરી આવી છે. ત્યારે કચ્છના સર્વાંગી વિકાસને જોતાં ગાંધીધામ ચેમ્બરે ભુજથી વડોદરા વંદે ભારત તેમજ ભુજ દિલ્હી વચ્ચે સુપર ફાસ્ટ ટ્રેન સહિત વિવિધ પેસેન્જર ટ્રેનો તથા માલ પરિવહન સુધારવા માંગ કરી છે.

● કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતર કે રાસાયણિક પ્રક્રિયા વગર જમીનને બદલે માત્ર પાણીમાં માછલી આધારિત સંપૂર્ણ જૈવિક શાકભાજી ઉગાડવાનો એશિયાનો સૌથી મોટો એકવા ફોનિક્સ પધ્ધતિ પરનો પ્રોજેક્ટ ભુજ તાલુકાના નાના ગામમાં સંચાલિત કરાયો છે. વિદેશમાં મળતા માત્ર પાંદડા અને રેષાવાળી શાકભાજી દિલ્હીના ગુડગાંવના મોટા મોલમાં રૂા.૩૫૦ થી રૂા.૫૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાય છે. આ પ્રકારની ભાજી ઉગાડવાની શરૂઆત ચીનથી થઈ હતી. ૨૨ એકરના ફાર્મમાં ૧૯ પ્રકારની શાકભાજી ઉગાડવવામાં આવે છે. આ ભાજીનું ઉત્પાદન ૨૬ ડિગ્રી તાપમાનમાં થાય છે. પેદાશ બહાર કાઢ્યા પછી માઈનસ ૨ ડિગ્રી ઠંડીમાં રાખી બોક્સ પેક કરીને ૨૦ કલાકમાં ગુડગાંવ પહોંચતી કરાય છે. દર ત્રણ દિવસે પાંચ હજાર કિલોની માંગ સામે હજુ ૨ હજાર કિલો માલ અપાય છે. જે દોઢસો ગ્રામના બોક્સ પેકિંગમાં મોકલવામાં આવે છે. માછલીના નાના બચ્ચાઓને ૧૫ હજાર લિટરના ૧૩૦ મોટા ટાંકામાં ઉછેર કરાય છે. તેના ખાતરવાળું પાણી આગળ વધી ગ્રીન હાઉસમાં ત્યાંથી વાઈટ હાઉસમાં પહોંચે છે. માછલીઓ વાળું પાણી સતત ફર્યા કરે છે અને શાકભાજી ઉછેર થાય છે. આંગળીના નખ પર બેસી શકે તેવા નાના માછલીના બચ્ચાં ધીમે ધીમે પાંચસોથી આઠસો ગ્રામના થઈ જાય એટલે તેને વેંચી દેવાય આ પ્રક્રિયા સતત થતી રહે છે.

● આદિપુરની તોલાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓ, સ્ટાફ જે.એમ.બક્ષી પોર્ટસ એન્ડ લોજિસ્ટિકના સહયોગથી કંડલા પોર્ટની મુલાકાત લીધી હતી અને ત્યાં ચાલતી માલ સામાન આયાત નિકાસ તથા હેરફેર કામગીરી સંદર્ભ માહિતી મેળવી હતી. કોલેજના પ્રથમ વર્ષ ડિપ્લોમા ફાર્મસીના ૪૫ વિદ્યાર્થીઓ તથા સ્ટાફને કંડલા ઈન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલ પ્રા.લિમિટેડના પોર્ટ ટર્મિનલના વડા રામદે કરંગિયા, જે.એમ.બક્ષી પોર્ટસ અને લોજિસ્ટિકના સંચાલક પ્રણવભાઈ ત્રિવેદી તથા તેમના સ્ટાફ દ્વારા વ્યક્તિની સલામતી, માલ સામાનનું સુચારુ આયોજન, કન્ટેનર કોડિંગ તથા ઓનલાઈન સિસ્ટમ વગેરે વિશે વિદ્યાર્થીઓને સમજણ અપાઈ હતી.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA